Upload Evening National News 16-08-2024 at 7.50-8.00pm-1

**પ્રસાર ભારતી**

**સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ**

**Date : 15-08-2024** **Evening : 7.50 to 8.00**

**Day : Firday** **National News**

**આકાશવાણી સમાચાર રૂપલ જાની વાંચે છે.**

**************************************************

✓ જમ્મુ અને કાશ્મીરમાં આગામી મહિનાની 18મી તારીખથી ત્રણ તબક્કામાં અને હરિયાણામાં 1લી ઓક્ટોબરે એક જ તબક્કામાં વિધાનસભાની ચૂંટણી યોજાશે.

✓ કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે નિર્દેશ આપ્યો છે કે ડોક્ટરો સામે હિંસાના કિસ્સામાં વધુમાં વધુ છ કલાકની અંદર સંસ્થાકીય FIR દાખલ કરવાની જવાબદારી સંસ્થાના વડાઓની રહેશે.

✓ કોલકાતામાં મહિલા તબીબ સાથે થયેલા કથિત દુષ્કર્મ અને હત્યાના વિરોધમાં આવતીકાલે દેશભરમાં તબીબોએ હડતાળની જાહેરાત કરી.

✓ બાંગ્લાદેશની વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર મોહમ્મદ યુનુસે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ફોન કરીને હિન્દુઓ અને તમામ લઘુમતીઓની સુરક્ષાની ખાતરી આપી.

✓ વર્ષ 2022 માટેના 70મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોની જાહેરાત - ઋષભ શેટ્ટી શ્રેષ્ઠ અભિનેતા - શ્રેષ્ઠ અભિનેત્રી - નિત્યા મેનન - અને ગુજરાતી ફિલ્મ કચ્છ એક્સપ્રેસની અભિનેત્રી માનસી પારેખને.

✓ પેરિસ પેરાલિમ્પિક ગેમ્સમાં આ વર્ષે, 84 ખેલાડીઓની અત્યાર સુધીની સૌથી મોટી ભારતીય ટુકડી ભાગ લેશે.

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## CEC--ASSEMBLY-POLL-EARLY

જમ્મુ અને કાશ્મીરમાં આગામી મહિનાની 18મી તારીખથી ત્રણ તબક્કામાં અને હરિયાણામાં 1લી ઓક્ટોબરે એક જ તબક્કામાં વિધાનસભાની ચૂંટણી યોજાશે. મતગણતરી 4 ઓક્ટોબરે હાથ ધરાશે. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે આજે નવી દિલ્હીમાં આ ચૂંટણી કાર્યક્રમની જાહેરાત કરી હતી.

જમ્મુ-કાશ્મીરમાં પ્રથમ તબક્કાનું મતદાન આવતા મહિનાની 18મીએ, બીજા તબક્કાનું 25મીએ અને ત્રીજા અને અંતિમ તબક્કાનું મતદાન 1લી ઓક્ટોબરે થશે. તેમણે કહ્યું કે જમ્મુ-કાશ્મીરના 87 લાખથી વધુ મતદારો 90 સભ્યોની જમ્મુ-કાશ્મીર વિધાનસભાના નેતાઓના ભાવિનો નિર્ણય કરશે. મુખ્ય ચૂંટણી કમિશનરે કહ્યું કે આ કેન્દ્રશાસિત પ્રદેશમાં ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં મતદાતાઓ માટે 11 હજાર 800 થી વધુ મતદાન મથકો બનાવવામાં આવશે. તેમણે કહ્યું કે લોકસભા ચૂંટણી બાદ જમ્મુ-કાશ્મીરમાં સ્થિતિ બદલાઈ ગઈ છે અને લોકશાહી વધુ મજબૂત થઈ રહી છે. શ્રી રાજીવ કુમારે જણાવ્યું હતું કે પંચે તાજેતરમાં જમ્મુ-કાશ્મીર અને હરિયાણાની ચૂંટણીની તૈયારીઓની સમીક્ષા કરવા માટે મુલાકાત લીધી હતી અને લોકોમાં ઘણો ઉત્સાહ જોવા મળ્યો હતો. તેમણે કહ્યું કે લોકસભા ચૂંટણીમાં જમ્મુ અને કાશ્મીરમાં મતદાન મથકો પર લાંબી કતારો એ વાતનો પુરાવો છે કે લોકો માત્ર પરિવર્તન જ ઈચ્છતા નથી પરંતુ તે પરિવર્તનનો ભાગ બનીને પોતાનો અવાજ ઉઠાવવા પણ ઈચ્છે છે. ચૂંટણી કમિશનરે કહ્યું હતું કે જમ્મુ અને કાશ્મીરના લોકોએ લોકસભા ચૂંટણીમાં બુલેટને બદલે બેલેટ પેપર પસંદ કર્યું હતું. તેમણે કહ્યું કે લોકો પોતાનું ભાગ્ય જાતે લખવા માંગે છે. હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં બે કરોડથી વધુ મતદારો મતદાન કરી શકશે. 20 હજારથી વધુ મતદાન મથકો બનાવવામાં આવશે.

## THE UNION HEALTH MINISTRY

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે નિર્દેશ આપ્યો છે કે સંસ્થાના વડાઓની ડોક્ટરો સામે હિંસાના કિસ્સામાં વધુમાં વધુ છ કલાકની અંદર સંસ્થાકીય FIR દાખલ કરવાની જવાબદારી રહેશે. આરોગ્ય સેવાઓના મહાનિર્દેશક અતુલ ગોયલે આ અંગે કેન્દ્ર સરકારની હોસ્પિટલો અને મેડિકલ કોલેજોના વડાને પત્ર લખ્યો છે. કોલકાતામાં એક ડૉક્ટર પર કથિત દુષકર્મ અને હત્યાની તાજેતરની ઘટના અને આ મુદ્દે રેસિડેન્ટ ડૉક્ટર્સ દ્વારા કરવામાં આવેલા વિરોધને પગલે આ દિશાનિર્દેશ છે.

## DOCTORS STRIKE

કોલકાતામાં મહિલા તબીબ સાથે થયેલા કથિત દુષ્કર્મ અને હત્યાના વિરોધમાં આવતીકાલે દેશભરની સાથે સાથે વિવિધ રાજ્યભરમા તબીબોએ હડતાળની જાહેરાત કરી છે.

ગુજરાતમાં અમદાવાદ મેડિકલ એસોસિએસન દ્વારા આજે પત્રકાર પરિષદ યોજીને આ હડતાળની જાહેરાત કરવામાં આવી છે..આવતીકાલે સવારે છ વાગ્યાથી લઇને ૧૮ તારીખ સવારે ૬ વાગ્યા સુધી ઓપીડી તેમજ તમામ તબીબી પ્રક્રિયાથી તબીબો અળગા રહેશે.. જ્યારે અમદાવાદમાં સાતસો તબીબો રેલી યોજીને પોતાનો વિરોધ વ્યક્ત કરશે. આ ઉપરાત અમદાવાદ મેડિકલ એસોસિએશનની ઓફિસથી લઇને ઇન્કમટેક્ષ સર્કલ સુધી સાંજે કેન્ડલ માર્ચ યોજાશે. કોલકતાની ઘટનામાં દોષિતો સામે કડક કાર્યવાહી અને ન્યાય તેમજ તબીબોની સલામતીની માંગણી સાથે આ હડતાળ કરવામાં આવી રહી છે..

બીજી તરફ, કોલકતાની ઘટનાના વિરોધમાં સુરત અને ભાવનગરમાં પણ તબીબોએ આજે રેલી યોજીને હડતાળ કરી હતી તેમજ આ પ્રકરણમાં ન્યાયની માંગણી કરીને પોતાનો વિરોધ વ્યક્ત કર્યો હતો.

અન્ય રાજ્યોની વાત કરી તો પટનામાં, પટના મેડિકલ કોલેજ અને હોસ્પિટલ અને નાલંદા મેડિકલ કોલેજ અને હોસ્પિટલના નિવાસી ડોકટરો આજે

અનિશ્ચિત મુદતની હડતાળ પર ઉતરી ગયા હતા. મહારાષ્ટ્ર એસોસિએશન ઑફ બૉન્ડેડ રેસિડેન્ટ ડૉક્ટર્સ અને રાજ્યમાં મેડિકલ ઇન્ટર્ન્સનું સંગઠન પણ તીવ્ર હડતાળમાં જોડાયું હતું. દરમિયાન, ઈન્ડિયન મેડિકલ એસોસિએશને આવતીકાલે સવારે 6 વાગ્યાથી 24 કલાક માટે દેશવ્યાપી નોન-ઈમરજન્સી સેવાઓ પાછી ખેંચવાની જાહેરાત કરી છે. તબીબી સંસ્થાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે આવશ્યક સેવાઓ જાળવવામાં આવશે અને અકસ્માત વોર્ડ કાર્યરત રહેશે.

## PM---ISRO

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ISRO)ના વૈજ્ઞાનિકોને નવા લઘુ ઉપગ્રહ પ્રક્ષેપણ યાન (SSLV)-D3ના સફળ પ્રક્ષેપણ બદલ અભિનંદન પાઠવ્યા છે., શ્રી મોદીએ કહ્યું કે આ ખૂબ જ આનંદની વાત છે કે ભારત પાસે હવે એક નવું પ્રક્ષેપણ યાન છે. તેમણે કહ્યું કે આ યાન અવકાશ મિશનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે અને ખાનગી ઉદ્યોગોને પણ પ્રોત્સાહિત કરશે.ઉલ્લેખનીય છે કે ભારતીય અવકાશ સંશોધન સંસ્થા- ઇસરોએ આજે સવારે નવ વાગીને 17 મિનિટે લઘુ ઉપગ્રહ પ્રક્ષેપણ યાન – SSLV-D3નું સફળતાપૂર્વક પ્રક્ષેપણ કર્યું છે. આ યાન 175 કિલોગ્રામ વજનના પૃથ્વી અવલોકન ઉપગ્રહ-EOS-શૂન્ય-આઠ તેમજ અન્ય એક નાના ઉપગ્રહ SR-શૂન્ય સાથે રવાના થયું હતું.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

## REV-MODI---BANGLADESH

બાંગ્લાદેશની વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર મોહમ્મદ યુનુસે આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ફોન કરીને તેમના દેશમાં હિન્દુઓ અને તમામ લઘુમતીઓની સુરક્ષાની ખાતરી આપી છે. વાતચીત દરમિયાન તેઓએ વર્તમાન પરિસ્થિતિ પર વિચારોનું આદાન-પ્રદાન કર્યું, લોકતાંત્રિક, સ્થિર, શાંતિપૂર્ણ અને પ્રગતિશીલ બાંગ્લાદેશ માટે ભારતના સમર્થનનો પુનરોચ્ચાર કર્યો. તેમણે વિવિધ વિકાસ પહેલો દ્વારા બાંગ્લાદેશના લોકોને સમર્થન આપવાની ભારતની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો હતો. પ્રધાનમંત્રી મોદીએ બાંગ્લાદેશમાં હિન્દુઓ અને અન્ય તમામ લઘુમતી સમુદાયોની સલામતી અને સુરક્ષા સુનિશ્ચિત કરવાના મહત્વ પર ભાર મૂક્યો હતો . બંને નેતાઓએ સંબંધિત રાષ્ટ્રીય પ્રાથમિકતાઓને અનુરૂપ દ્વિપક્ષીય સંબંધોને આગળ વધારવા બાબતે પણ ચર્ચા કરી હતી.

## NATIONAL-FILM-AWARDS

વર્ષ 2022 માટેના 70મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોની આજે નવી દિલ્હીમાં જાહેરાત કરવામાં આવી. ઋષભ શેટ્ટીને ફિલ્મ કાંતારામાં અભિનય માટે શ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ આપવામાં આવ્યો છે. શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ નિત્યા મેનનને તમિલ ફિલ્મ તિરુચિત્રંબલમમાં કામ કરવા બદલ અને ગુજરાતી ફિલ્મ કચ્છ એક્સપ્રેસની અભિનેત્રી માનસી પારેખને આપવામાં આવ્યો છે.

આ પુરસ્કારોની જાહેરાત ફીચર ફિલ્મ જ્યુરી વડા રાહુલ રવૈલ, નોન-ફીચર ફિલ્મ જ્યુરી વડા નીલા માધવ પાંડા અને સિનેમા જ્યુરી વડા ગંગાધર મુદલિયાર પર શ્રેષ્ઠ લેખન દ્વારા કરવામાં આવી હતી. મલયાલમ ફિલ્મ અટ્ટમને સર્વશ્રેષ્ઠ ફીચર ફિલ્મ જાહેર કરવામાં આવી છે જ્યારે આયનાને શ્રેષ્ઠ નોન-ફીચર ફિલ્મનો એવોર્ડ આપવામાં આવ્યો છે. ઉત્કૃષ્ટ ફિલ્મ માટે સૂરજ બડજાત્યાને શ્રેષ્ઠ દિગ્દર્શકનો એવોર્ડ આપવામાં આવ્યો છે.

હિન્દી ફિલ્મ ગુલમોહરને ફિચર ફિલ્મ કેટેગરીમાં સર્વશ્રેષ્ઠ ફિલ્મનો એવોર્ડ આપવામાં આવ્યો છે. હરિયાણવી ફિલ્મ ફૌજાને નોન-ફીચર ફિલ્મ કેટેગરીમાં શ્રેષ્ઠ સંગીતનો એવોર્ડ મળ્યો છે. બેસ્ટ મેલ પ્લેબેક સિંગરનો એવોર્ડ અરિજિત સિંહને અને બેસ્ટ ફિમેલ પ્લેબેક સિંગરનો એવોર્ડ બોમ્બે જયશ્રીને આપવામાં આવ્યો છે. આ સિવાય પોનીયિન સેલવાન પાર્ટ-વન, કેજી એફ-2, બ્રહ્માસ્ત્ર, અપરાજિતો, ઈમુથી પુથી, કાબેરી અંતર્ધાન, દમણ અને બાગી દી ધી જેવી ફિલ્મોને પણ એવોર્ડ મળ્યા છે.

## MANDAVIYA---PARALYMPIC.

પેરિસ પેરાલિમ્પિક ગેમ્સમાં આ વર્ષે, 84 ખેલાડીઓની અત્યાર સુધીની સૌથી મોટી ભારતીય ટુકડી ભાગ લેશે. પેરાલિમ્પિક ગેમ્સ 28 ઓગસ્ટથી 8 સપ્ટેમ્બર 2024 દરમિયાન યોજાશે. પ્રથમ વખત, મહત્તમ 47 ભારતીય એથ્લેટ ગેમ્સનો ભાગ બનશે. કેન્દ્રીય રમતગમત મંત્રી ડો. મનસુખ માંડવિયાએ પેરિસ પેરાલિમ્પિક ગેમ્સ માટે ભારતીય ટુકડીના વિદાય સમારોહને સંબોધતા જણાવ્યું હતું કે આ ટુકડીમાં 50 ખેલાડીઓ એવા છે જેમને ટાર્ગેટ ઓલિમ્પિક પોડિયમ સ્કીમ- TOPS નો લાભ મળ્યો છે. તેમણે કહ્યું કે આ યોજના હેઠળ ખેલાડીઓને તાલીમ અને કોચિંગ જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ડો.માંડવીયાએ જણાવ્યું હતું કે ખેલે ઈન્ડિયા ખેલમાંથી ઘણા ખેલાડીઓ ઉભરી આવ્યા છે.

અમારા સંવાદદાતાએ પેરાલિમ્પિક ગેમ્સમાં ભાગ લઈ રહેલા કેટલાક ખેલાડીઓ સાથે વાત કરી. જેમણે સારું રમીને દેશ માટે ચંદ્રક જીતવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

## WOMAN CRICKET

મહિલા ક્રિકેટમાં ઓસ્ટ્રેલિયા-A ટીમે બીજી ODIમાં ભારત-Aને આઠ વિકેટે હરાવ્યું હતું. ઓપનિંગ બેટ્સમેન મેડી ડાર્કની અડધી સદી અને શાનદાર બોલિંગને કારણે ઓસ્ટ્રેલિયાએ ત્રણ મેચની શ્રેણીમાં 2-0ની અજેય સરસાઈ મેળવી લીધી છે.

આ પહેલા ઓસ્ટ્રેલિયા A ટીમે પ્રથમ મેચ ચાર વિકેટે જીતી હતી.

## CHAUHAN---KISANO-KI-BAAT

ખેડૂતોને વિજ્ઞાનની સમજ આપવા માટે સરકાર આકાશવાણી પર આવતા મહિને કિસાન કી બાત કાર્યક્રમ શરૂ કરશે. આ કાર્યક્રમ આકાશવાણી પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના માસિક કાર્યક્રમ મન કી બાતની ધૂન પર હશે. કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે નવી દિલ્હીમાં ખેડૂતો સાથે વાતચીત કરતા આ પ્રમાણે જણાવ્યું.. શ્રી ચૌહાણે કહ્યું હતું કે તેમની સાથે કૃષિ વૈજ્ઞાનિકો અને વિભાગીય અધિકારીઓ ખેડૂતોને માહિતી આપશે.

## INDIA-VIETNAM-DIALOGUE

ભારત અને વિયેતનામે આજે દરિયાઈ સહયોગ વધારવાના માર્ગો પર ચર્ચા કરી. હનોઈમાં આયોજિત 4થી ભારત-વિયેતનામ દરિયાઈ સુરક્ષા સંવાદ દરમિયાન, બંને પક્ષોએ દરિયાઈ ક્ષેત્રમાં ચાલી રહેલા સહકાર કાર્યક્રમોની સમીક્ષા કરી. વાટાઘાટોમાં વિવિધ આંતરરાષ્ટ્રીય અને પ્રાદેશિક મંચો પર સહકારના માર્ગો પર પણ ચર્ચા કરવામાં આવી હતી. બંને દેશો દરિયાઈ વૈજ્ઞાનિક સંશોધન, મહાસાગર અર્થતંત્ર અને દરિયાઈ કાયદાના અમલીકરણ જેવા ક્ષેત્રોમાં તેમના સંયુક્ત પ્રયાસોને વધુ મજબૂત કરવા પણ સંમત થયા હતા.

## PADMA-NOMINATIONS

પદ્મ પુરસ્કાર 2025 માટે આવતા મહિનાની 15 તારીખ સુધી નામાંકન આપી શકાશે. રસ ધરાવતા સહભાગીઓ રાષ્ટ્રીય એવોર્ડ પોર્ટલ, awards.gov.in પર તેમના નામાંકન રજૂ કરી શકે છે. પદ્મ પુરસ્કાર દેશના સર્વોચ્ચ નાગરિક સન્માનોમાંથી એક છે. આ પુરસ્કારો ત્રણ કેટેગરીમાં આપવામાં આવે છે. પદ્મ વિભૂષણ અપવાદરૂપ અને વિશિષ્ટ સેવા માટે આપવામાં આવે છે જ્યારે પદ્મ ભૂષણ ઉચ્ચ સ્તરની વિશિષ્ટ સેવા માટે આપવામાં આવે છે અને પદ્મશ્રી કોઈપણ ક્ષેત્રમાં વિશિષ્ટ

સેવા માટે આપવામાં આવે છે. દર વર્ષે પ્રજાસત્તાક દિવસની પૂર્વ સંધ્યાએ પુરસ્કારોની જાહેરાત કરવામાં આવે છે.